**મેહ. લેબર કોર્ટ અમદાવાદના એડી. ચીફ જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ તથા ન્યાયાધીશ (એસ.ડી.) સાહેબ સમક્ષ, જી.અમદાવાદ.**

**ફોજદારી કેસ નં.૧૮૮૪૫/૨૦૧૮.**

**ફરિયાદી :- સરકારશ્રી તરફે કારખાના નિરીક્ષક,અમદાવાદ.**

**: વિરૂધ્ધ :**

**આરોપી :- શ્રી ચંદ્રકાન્તભાઈ પી. માવાણી–કબજેદાર–મેનેજર,**
**પી.ટી.સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ,**
**૯૭, ગુજરાત વેપારી મહામંડળ,**
**ઓઢવ, અમદાવાદ.**

**ગુન્હો :- કારખાના ધારા ૧૯૪૮ ની કલમ ૯૨ મુજબ.**

**-: આંક-૧ નીચે હુકમ :-**

**(૧)** હાલનો ફોજદારી કેસ મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટ કોર્ટ અમદાવાદ/ગાંધીનગર તરફથી લેબર કોર્ટ અમદાવાદને તબદીલ કરવામાં આવે છે, જે અત્રેની કોર્ટને એલોટ કરવામાં આવેલ છે.

**(૨)** ઉપરોકત હાલના કામની ફરીયાદ કારખાના નિરીક્ષક ધ્વારા જે તે વખતે સબંધિત મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટ અમદાવાદ/ગાંધીનગર સમક્ષ ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૧૯૦ (૧) (એ) મુજબ ફરિયાદીએ રજૂ કરતા સબંધિત કોર્ટ ધ્વારા ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૦ (એ) વંચાણે લઈને ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૪ મુજબ ફરિયાદમાં જણાવેલ ગુન્હાનું સંજ્ઞાન લઈને આરોપીને સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ હતો.

**(૩)** ત્યારબાદ હાલનો કેસ અત્રેની કોર્ટમાં તબદીલ થતા આરોપીને સમન્સ ઈસ્યુ કરેલ, જે સંદર્ભે આરોપી મૃત્યુ પામેલ છે, તેવા શેરા તથા આરોપીના મરણના પ્રમાણપત્ર સાથે પરત આવેલ છે જે સાથે આરોપીના મરણ પ્રમાણપત્રની નકલ સામેલ રાખેલ છે, જેથી તેમની સામેનો હાલનો ફોજદારી કેસ એબેટ કરવાનો હુકમ કરવામાં આવે છે અને તે મુજબ હાલનો કેસ ફેંસલ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

તારીખ : ૧૨/૩/૨૦૨૨.
સ્થળ : અમદાવાદ.
CODE-GJ00748

(ધીરેન જગદીશભાઈ ઠાકર )
એડિશ્નલ ચીફ જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ, ન્યાયાધીશ
(સિનિયર ડિવીઝન)
લેબર કોર્ટ, અમદાવાદ.

HMPRAJAPATI,PA.